સશિપ/ફેબ્રુ૦૧/૬૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૨ ]** **(રવિવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧)** કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ-ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. નિરાકાર સમજવાથી ખોટ.

૨. ગુણાતીત સંતનો મહિમા પરોક્ષ ભક્ત-કવિઓનાં પદોમાં.

૩. સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક.

૪. સર્વકર્તાહર્તા શ્રીજીમહારાજ.

**પ્ર.૨ નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો વર્ણવી સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સાણસામાં જેમ સાપ પકડે તેમ અમારી મૂર્તિને ઝાલી રાખી છે.

૨. શીતળદાસ વ્યાપકાનંદ સ્વામી બન્યા.

૩. સ્વામી! તમે પંડે અક્ષર ?

૪. આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી.

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ઉપાસનાનું મહત્ત્વ.

૨. ભગવાન સાકાર કેવી રીતે ?

૩. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત.

૪. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા.





**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. ભગવાનને સર્વકર્તાહર્તા સમજવા જરૂરી છે.

૨. ભગવાનમાં ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો જોઈએ.

૩. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીની પ્રશંસા કરી.

૪. ગુણાતીતાનંદ સ્વામી સાધુ હોવા છતાં વસ્ત્ર-અલંકાર ધરાવી શકાય.

**પ્ર.૫** ઉપાસનામાં શું સમજવું ? ૮

**પ્ર.૬** સ્વામિનારાયણ એક જ શબ્દ છે ? તેની સ્વામી અને નારાયણ એવી વ્યુત્પત્તિ શું સંભવિત છે ? ૫

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તારથી નોંધ લખો.** ૫

૧. પ્રગટને ઓળખ્યા વગર કસર.

૨. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે - જીવન અને કાર્યને આધારે.

૩. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - સ્વામીની વાતોના આધારે.

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''એમાં શું ? પેટમાં ઢોળાવાનું હતું તેના બદલે જમીન પર ઢોળાયું.''

૨. ''હું જ આપની સાથે આવું તો કેવું ?''

૩. ''કણબીનો છોકરો અને કૂકડાં ભૂખે ન મરે.''

૪. ''તે મારા દેહની કળતર મટાડી છે, હું તારા અંતરની કળતર મટાડીશ.''

**પ્ર.૯ નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. મુકુંદદાસે આત્મહત્યા કરવાનો નિર્ધાર કર્યો.

૨. ઈડરના રાજાએ બ્રાહ્મણો પરનો કર માફ કર્યો.

૩. નિષ્કુળાનંદ સ્વામી ગઢાળી ગામે જતા રહ્યા.

૪. પ્રમુખસ્વામીના કપડાં ભીનાં હોવા છતાં શાસ્ત્રીજી મહારાજ તેમને ભેટી પડ્યા.

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ બે વિષયનું મુદ્દાસર વિવરણ લખો.** ૮

૧. કુંશળકુંવરબાની શ્રીજીમહારાજ પ્રત્યે ભક્તિ.

૨. પર્વતભાઈને સંતો-ભક્તોનો મહિમા.

૩. શિવલાલ શેઠની અંતર્વૃત્તિ.

૪. રઘુવીરજી મહારાજનો ખપ.

**પ્ર.૧૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. સત્સંગની માનું બિરુદ કોના માટે છે ?

૨. કુંશળકુંવરબાને કોના થકી સત્સંગ થયો ?

૩. હરિલીલાકલ્પતરુ ગ્રંથની રચના કોણે કરી ?

૪. નારાયણસ્વરૂપદાસ સંસ્થાના પ્રમુખપદે ક્યારે નિમાયા ?

૫. અંતિમ અવસ્થામાં ગોપાળાનંદ સ્વામીએ વડોદરાના હરિભક્તોને શું કહ્યું ?

૬. નિષ્કુળાનંદ સ્વામી વડોદરાથી નીકળી જવા કેમ તૈયાર થયા ?

**પ્ર.૧૨ નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી ટૂંકમાં ભાવાર્થ લખો.**
**(બારેક લીટીમાં)** ૪

૧. મુક્તાનંદ સ્વામીએ જય સદ્‌ગુરુ........... આરતી બનાવી.

૨. ગોપાળાનંદ સ્વામીએ અટકાવેલું ગ્રહણ.

૩. પ્રમુખસ્વામી મહારાજનો ગૃહત્યાગ.

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** ૨૦

૧. સંસ્કૃતિના આધાર સ્તંભો - સંત, શાસ્ત્ર અને મંદિર.

૨. સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા

૩. અક્ષરપુરુષોત્તમ સંસ્થાના વિજય ડંકા.

❖ ❖ ❖